# અમરેલી જિલ્લાના કલા વારસાને આગળ લઈ જવો એ સૌની સામૂહિક જવાબદારી - શ્રી પરશોત્તમભાઈ રૂપાલા

## સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા–૨૦૨૬નું ભવ્ય આયોજન, ૩૨૮૭ સ્પર્ધકોની રેકોર્ડ ભાગીદારી: ઈફકોના ચેરમેનશ્રી દિલિપભાઈ સંઘાણીના હસ્તે સ્પર્ધા ખુલ્લી મૂકવામાં આવી, જુદી જુદી ૨૦ સ્પર્ધામાં પહેલીવાર ફટાણાનો સમાવેશ કરવામાં આવ્યો





અમરેલી, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સાંસ્કૃતિક જાગૃતિના આહવાનને સાર્થક રૂપ આપતા, અમરેલી જિલ્લાના વતની અને રાજકોટના સાંસદશ્રી, પરશોત્તમભાઈ રૂપાલાના માર્ગદર્શન હેઠળ છેલ્લા ત્રણ વર્ષથી અમરેલી જિલ્લામાં સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે આયોજિત સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા–૨૦૨૬માં કુલ ૩૨૮૭ સ્પર્ધકોએ ભાગ લઈ રેકોર્ડ સર્જ્યો છે.

નૂતન મિડલ સ્કૂલ, અમરેલી ખાતે આયોજિત આ સ્પર્ધાનું ઉદ્ઘાટન માન. શ્રી પરશોત્તમભાઈ રૂપાલાના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્ઘાટક તરીકે ઈફકો, એન.સી.યુ.આઈ. તથા ગુજકોમાસોલના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મદદ ટ્રસ્ટ, અમરેલી વતી અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલિયાએ સૌનું સ્વાગત કર્યું હતું.

આ સ્પર્ધામાં અમરેલી જિલ્લાના યુવા કલાકારોમાં રહેલી સુપ્ત પ્રતિભાને બહાર લાવવા માટે કુલ ૨૦ વિવિધ સ્પર્ધાઓનું આયોજન ત્રણ વય જૂથમાં (૮ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૯ વર્ષ અને ૩૦ વર્ષથી ઉપર) કરવામાં આવ્યું હતું. રાસ, ગરબા, લોકગીત, ભજન, શાસ્ત્રીય નૃત્ય, લોકવાદ્ય, સુગમ સંગીત, ફટાણા સહિતની વિવિધ કલાઓમાં સ્પર્ધાઓ યોજાઈ હતી. ખાસ કરીને ફટાણા સ્પર્ધાનું પ્રથમ વખત સ્વતંત્ર આયોજન કરવામાં આવ્યું હતું. ફટાણાની સ્પર્ધામાં ૧૩૨ સ્પર્ધકોએ નોંધણી કરાવી હતી.

રાજકોટના સાંસદશ્રી, પરશોત્તમભાઈ રૂપાલાએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, આ સાંસ્કૃતિક સ્પર્ધા માત્ર એક વ્યક્તિની નહીં પરંતુ સમગ્ર અમરેલી જિલ્લાની સ્પર્ધા છે. જિલ્લાના કલાકારોની કલાને આગળ વધારવી અને સાંસ્કૃતિક વારસાને સંવર્ધિત કરવું એ સૌની સામૂહિક જવાબદારી છે. આગામી વર્ષોથી આ સ્પર્ધાને 'અમરેલી જિલ્લા સાંસ્કૃતિક સ્પર્ધા' તરીકે વધુ વ્યાપક સ્વરૂપે આયોજિત કરવાની પણ તેમણે ભાવના વ્યક્ત કરી હતી.

આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર તથા આવાગમન ખર્ચ આપવામાં આવ્યો હતો. પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર સ્પર્ધકોને સાવકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા સહિતના ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાના બાળ વિજેતાઓને આગામી દિવસોમાં શિવરાત્રિમાં ઈશ્વરીયા મુકામે યોજાતા લોકડાયરામાં મંચ આપવામાં આવશે. સ્પર્ધામાં શ્રી, દિલિપભાઈ સંઘાણી, સ્પર્ધાના પરામર્શક ડો. કેતન કાનપરીયા, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી વિક્રમસિંહ પરમારનું સન્મન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાત, , શિક્ષણાધિકારી શ્રી ગોહિલ, જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી વિક્રમસિંહ પરમાર, સ્પર્ધાના પરામર્શક ડો. કેતન કાનપરિયાતેમજ વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો, નિર્ણાયકશ્રીઓ, સ્પર્ધકો અને પત્રકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કરવા માટે આયોજક ટીમ, નિર્ણાયકશ્રીઓ અને સહયોગી સંસ્થાઓએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

# સોમનાથ સિંધી સમાજ તથા ઝૂલેલાલ ગ્રુપ ૪ જાન્યુઆરીએ યોજાયો સરસ્વતી સન્માન સમારોહ











કૈલૈશ ભટ્ટ ઉના

પ્રભાસ પાટણ સોમનાથ સિંધી સમાજ તથા ઝુલેલાલ ગ્રુપ દ્વારા ગત વરસની જેમ ચાલુ વર્ષે પણ ૮૦% થી વધુ ટકાવારી મેળવનાર વિદ્યાર્થીઓનો સરસ્વતી સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો ૮૦% થી વધુ ટકાવારી મેળવનારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક ક્ષેત્રે પ્રોત્સાહન આપવા માટે તથા પ્રેરણા માટે આ સન્માન સમારોહ યોજવામાં આવેલ હતો સાંજે ૬ થી રાત્રિના ૧૦ સુધી યોજાયેલ આ કાર્યક્રમમાં સન્માન સમારોહ તથા અખા સાહેબ પલ્લવ સાહેબ તથા સમૂહ પ્રસાદી કાર્યક્રમ યોજાયેલ હતો દાતાઓ તરફથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધનોની કીટ આપી પ્રોત્સાહીત કરાયા હતા આ સમારોહમાં સિંધી સમાજ તથા સોમનાથ ઝુલેલાલ ગ્રુપ ના સભ્યો કમલ મહારાજ સવિતાબેન શર્મા સિંધી સમાજ પ્રમુખ અશોકભાઈ લાલુભાઈ માખેચા ભગવાનભાઈ ચાવરી તથા ગોવિંદભાઈ સહાણી પ્રભાસ પાટણ પીઆઇ એચ.આર. ગૌસ્વામી હાજર રહ્યા હતા અને આવી સારી કામગીરી ને બિરદાવી હતી

# રાજુલામાં ૨૦૦૦થી વધુ સત્સંગીઓએ મહાપ્રસાદનો લાભ લીધો: બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે ભવ્ય શાકોત્સવ અને ધર્મસભા યોજાઈ

મિલાપ રૂપારેલ અમરેલી,

રાજુલા શહેરના ડુંગર રોડ પર આવેલા મ્છૅજી સ્વામિનારાયણ મંદિરે ભવ્ય શાકોત્સવ અને ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંદાજે બે હજારથી વધુ સત્સંગી ભાઈ-બહેનોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.કાર્યક્રમમાં નડિયાદથી પધારેલા પરમ પૂજ્ય અક્ષરનયન સ્વામીએ સત્સંગીઓને સંબોધન કર્યું હતું. તેમણે શાકોત્સવની પરંપરા વિશે માહિતી આપતા જણાવ્યું કે, આ પરંપરાની શરૂઆત પ્રથમવાર લોયા ગામે થઈ હતી, જ્યાં અઢાર મણ ઘીનો ઉપયોગ કરીને શાક તૈયાર કરવામાં આવ્યું હતું. સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ પરંપરા જળવાઈ રહે તે માટે દરેક મ્છૅજી સ્વામિનારાયણ મંદિરે શાકોત્સવ યોજવાનો સંકલ્પ લેવાય છે.મંદિરના સ્વામીશ્રી યોગી પુરુષના માર્ગદર્શન હેઠળ આયોજિત આ શાકોત્સવમાં પરંપરાગત દેશી ભોજન પીરસવામાં આવ્યું હતું, જેમાં રીંગણાનું શાક, રોટલા, છાશ અને મરચાંનો સમાવેશ થતો હતો. બે હજાર જેટલા હરિભક્તોએ આ મહાપ્રસાદનો સ્વાદ માણ્યો હતો. કાર્યક્રમના મુખ્ય દાતા તરીકે મનોજભાઈ મહેતાએ વ્યવસ્થાઓ સંભાળી હતી, જ્યારે પ્રેરણા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તરફથી પ્રાપ્ત થઈ હતી.આ પ્રસંગે રાજુલા શહેરના અગ્રણી વેપારીઓ, વિવિધ સંસ્થાઓના આગેવાનો અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પૂર્વ પ્રમુખ રવુભાઈ ખુમાણ, મયુરભાઈ દવે, બકુલભાઈ વોરા, મહેન્દ્રભાઈ ધાખડા, ઘનશ્યામભાઈ વાઘ, જયેશભાઈ વાછાણી (એગ્રો), ભરતભાઈ દેલવાડિયા, કમલેશ પરમાર, હરિભાઈ વાઘેલા, નીખિલભાઈ મહેતા, અજયભાઈ વાળા, અનિરુદ્ધભાઈ વાળા, જયરાજભાઈ વરુ, સંજયભાઈ ધાખડા, પ્રભાતભાઈ જોષી, મનીષભાઈ લાડવા, ડૉ. હરીશભાઈ જેઠવા સહિત અનેક મહાનુભાવોનો સમાવેશ થાય છે.સર્વેના સહકાર અને શ્રદ્ધાભાવથી આ શાકોત્સવ અને ધર્મસભા સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત ચુસ્ત હરિભક્તોએ ધાર્મિક ઉત્સાહ અને એકતાનો ઉત્તમ પરિચય આપ્યો હતો.

# લીલીયા મોટા ખાતે રામજી મંદિરનો શતાબ્દી મહોત્સહવ યોજાયો

## ૩ દિવસીય કાર્યક્રમ દરમિયાન જલયાત્રા, જુવારા યાત્રા, ઘ્વીજયાત્રા, વિષ્ણુથ મહાયાગ સહિતનાં ધાર્મિક કાર્યક્રમ યોજાયા : હનુમાન ચાલીશા, સંતવાણી, શોભાયાત્રા, મહા આરતી, મહાપ્રસાદ સહિતનાં ધર્મોત્સથવ યોજાયા

અમરેલી,

લીલીયા મોટા ખાતે રામજી મંદિરના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા સમગ્ર ગ્રામજનો દ્વારા ત્રિદિવસીય શતાબ્દીમમહોત્સજવનું આયોજન કરવામાં આવેલ. ત્યા રે આજે કાર્યક્રમની પૂર્ણાહુતિ નિમિત્તે વહેલી સવારથી ભાવિકોની ભારે ભીડ રામજી મંદિર ખાતે ઉમટી પડી હતી. મંદિરના પટાંગણમાં પંચકુંડી મહા વિષ્ણુ યાગ યજ્ઞની પૂર્ણાહુતિ, મહા આરતી ત્યારબાદ ધજાના મુખ્યમ યજમાન વિભાભાઈ ભરવાડના વરદ હસ્તેવ મંદિરના શિખર પર ધજા લહેરાવવામાં આવી હતીઉ બપોરના ૩ કલાકે રામજી મંદિર ખાતે ભવ્યાતિ ભવ્યા










ભગવાન શ્રીરામની શોભાયાત્રાનો પ્રારંભ કરવામાં આવેલઉ શોભાયાત્રા શહેરના મુખ્ય? માર્ગ પર ફરી હતી જે લેઉઆ પટેલ સમાજની વાડી ખાતે સંપન્ન થયેલઉ આ શોભાયાત્રામાં મોટી સંખ્યા?માં ભાઈઓ તથા બહેનો સહિત રામ ભકતો અને યુવાનો જોડાયા હતા.ત્યાયરબાદ પટેલ વાડી ખાતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. ત્રિદિવસીય શતાબ્દીઈ મહોત્સતવને સફળ બનાવવા બાબુભાઈ ધામત, મનસુખભાઈ ચોપડા, મગનભાઈ વિરાણી, ચંદુભાઈ ચાવડા, ડોકટર કુંભાણી, સવજીભાઈ ભડકોલીયા, કમલેશ બાપુ અગ્રાવત, દિલીપભાઈ શેખલીયા, દિનેશભાઈ સંગતાણી, નિલેશભાઈ શેખલીયા, ધર્મેશભાઈ ગાયજન, યોગેશભાઈ દવે, મનોજભાઈ જોશી, રાજેશભાઈ ચાવડા, રમેશભાઈ ભડકોલીયા, મંદિરના પુજારી પ્રવીણબાપુ અગ્રાવત, મુકેશભાઈ ધામત, મિતુલદાદા પંડયા, ભાનુદાદા દવે સહિતના ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતી. જયારે કોઈ અનિચ્છંનીય બનાવ ન બનેતેવા શુભ હેતુથી લીલીયા પોલીસ સ્ટેગશનના પી.આઈ. એમ.ડી.

સાળુંકેની સૂચના અને માર્ગદર્શન તળે પીએસઆઈ જાડેજા દ્વારા ચુસ્ત્ પોલીસ બંદોબસ્ત. ત્રિદિવસીય કાર્યક્રમ અંતર્ગત ગોઠવવામાં આવેલ હતો.

# અમરેલીમાં પોસ્ટ ઓફિસ પાછળનો માર્ગ નર્કાગારની સ્થિતિમાં પાલિકા કચેરીથી માત્ર ૧૦૦ મીટર દૂર આવેલ માર્ગ શહેરની વાસ્તાવિકતા દર્શાવી રહ્યો છે

મિલાપ રૂપારેલ અમરેલી,

અમરેલી શહેરમાંથી ગંદકી દૂર કરીને સ્વતચ્છહતાનો માહોલ ઉભો કરવા માટે દર મહિને પાલિકા ઘ્વાલરા શહેરીજનોનાં પરસેવાનાં લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવતો હોવા છતાં પણ શહેરનાંઅંતરિયાળ તો દૂર જાહેર માર્ગો પરથી પણ ગંદકી દૂર થતી નથી અને આવું એક દ્રશ્ય પાલિકાકચેરીથી માત્ર ૧૦૦ મીટર દૂર આવેલ પોસ્ટન ઓફિસ પાછળનાં માર્ગ પરથી સામે આવી રહ્યું છે.હેડ પોસ્ટા ઓફિસ અને બીએસએનએલ કચેરી પાછળ આવેલ જુના માર્કેટયાર્ડ રોડ પરથીપાલિકા કચેરી તરફ જતો માત્ર



૩૦૦ થી ૪૦૦ મીટરનો માર્ગનર્કાગારની સ્થિઆતિમાં જોવા મળી રહ્યો છે.

આ માર્ગ ઉપરથી દરરોજ હજારો શહેરીજનો પગપાળા, ટુ-વ્હીલર કે કાર ઘ્વાથરા પસાર થઈ રહ્યા છે.ટ્રાફિક ધરાવતાં માર્ગ ઉપર પોસ્ટજ ઓફિસ પાછળની દીવાલથી લઈને બીએસએનએલની પાછળની દીવાલ સુધી કેબિનોની હારમાળા જોવા મળે તો સામેની બાજુની દીવાલ નજીક ગંદકીનાં ગંજ ખડકાયા છે અને ગંદકી ફેંદતી ગૌ-માતાનાં દ્રશ્યો રોજિંદા સામે આવી રહ્યા છે અને કોઈપણ શહેરીજનને માર્ગ પરથી પસાર થવું હોય તો નાકે રૂમાલ બાંધીને પસાર થવું પડે તેટલી બદબુ માર્ગ ઉપરથી આવી રહી છે.

અમરેલીનાં શહેરીજનો ધીરજ પ્રકૃતિનાં હોવાનાં ભરપૂર લાભ પાલિકાનાં શાસકો લઈ રહ્યા છે અને પદાધિકારીઓ પણ આ બાબતે ગંભીરતા દાખવતાં નથી. પણ અમુક નાગરિકો આ બાબતે મીડિયાનું ઘ્યા ન દોરી રહ્યા છે.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલય ખાતે આર.બી.એસ.કે. અંતર્ગત બાળ સ્વાસ્થય તપાસ કાર્યક્રમ યોજાયો

અમરેલી

ચલાલા સંત ડો.રતિદાદાનાં આશીર્વાદ અને ભારત ભૂષણ મહેશભાઈ મહેતાના માર્ગદર્શન નીચે ચાલતી ગાયત્રી સંસ્કાદર વિદ્યાલય ખાતે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થય કાર્યક્રમ (આરી.બી.એસ.કે.) અંતર્ગત વિદ્યાર્થીઓ માટે વિશેષ સ્વાસ્થય તપાસ કાર્યક્રમનું આયોજન કરવામાં અ ાવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત આરી.બી. એસ.કે. ટીમ દ્વારા બાળકોના સ્વાસ્થયની સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી.



કાર્યક્રમમાં ડો. ડી.ડી. ધાધલ (આરી.બી.એસ.કે. મેડિકલ ઓફિસર), ડો.ધ્રુવીબેન ગોંડલિયા (આરી.બી. એસ.કે. મેડિકલ ઓફિસર) તથા પૂજાબેન (એફ.એચ. ડબલ્યુણ) આરોગ્યસ વિભાગના કર્મચારીઓ હાજર રહ્યા હતા. ટીમ દ્વારા વિદ્યાર્થીઓમાં દૃષ્ટિ, સાંભળવાની ક્ષમતા, દાંત, પોષણની સ્થિતિ તેમજ અન્યા સામાન્ય્ રોગોની તપાસ કરવામાં આવી હતી. જરૂરિયાત મુજબ બાળકોનેઆગળની સારવાર અને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આચાર્ય શીતલબેન મહેતા દ્વારાઆરોગ્યસ વિભાગની ટીમનું સ્વાવગત કરી આ પ્રકારના કાર્યક્રમો બાળકોના સર્વાંગી વિકાસ માટે અત્યંયત ઉપયોગી હોવાનું જણાવ્યુંઆ હતું. તેમણે આરોગ્યા વિભાગનો આભાર વ્યરકત કર્યો હતો.કાર્યક્રમની સફળતા માટે સ્ટાનફગણે જહેમત ઉઠાવી હતી.

# સાવરકુંડલા કોળી સમાજનો આક્રોશ: વિશાળ રેલી નિકળી



## નાયબ કલેક્ટર પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી કોળી સમાજના યુવાન પર હુમલો કરનાર આરોપીઓ સામે કડકમાં કડક પગલાં લેવાની કરી માંગ

બગસરા

બગદાણા ગામના સરપંચ અને યુવા અગ્રણી, કોળી સમાજના યુવાન નવનીતભાઈ બાળધિયા પર થયેલા જીવલેણ હુમલાના ઘેરા પ્રત્યાઘાત સાવરકુંડલામાં જોવા મળ્યા હતાં. સાવરકુંડલા શહેર તથા તાલુકામાં રહેતા સમસ્ત કોળીસમાજના લોકોએકત્રિત થઈને નાયબ કલેક્ટર પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી કોળી સમાજના યુવાન પર હુમલો કરનાર આરોપીઓસામે કડકમાં કડક પગલાં લેવાની માંગ કરી હતી.

સાવરકુંડલા તાલુકા સમસ્ત કોળી સમાજે આવેદનપત્રમાં હુમલાખોરો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૯ ખૂનનો પ્રયાસ, ૬૧ ગુનાહિત કાવતરું અને ૩૨૪ મિલકતને નુકસાન હેઠળ ગુનો નોંધી સજા કરવામાં આવે તેમજ યુવાન પર ગંભીર રીતે હથિયારો વડે હુમલો કરનારનો સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયો ક્યા મોબાઈલથી ઉતારાયા, કોના કહેવાથી ઉતારાયા અને આ આખું કાવતરું ક્યા સ્થળે રચાયું તેની ઊંડી તપાસ કરવામાં આવે, હુમલો કરનાર તમામ આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે, ગુનામાં સંડોવાયેલા તમામ આરોપીઓની ધરપકડ હજુ બાકી છે તેમને તાત્કાલિક ઝડપી પાડી જેલ હવાલે કરવામાં આવે તેવી માંગ કરાઇ હતી.

બગદાણા હુમલાની ઘટના અંગે સાવરકુંડલા તાલુકા સમસ્ત કોળી સમાજે પોલીસ પર કાર્યવાહી કરીને ગંભીર ગુનાની તપાસમાં જે પોલીસ અધિકારીઓએ બેદરકારી દાખવી હોય તેમને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાની માંગ કરવામાં આવી હતી. તેમજ આવેદનપત્ર દ્વારા આગામી સમયમાં કોળી સમાજની ન્યાયિક માંગણીઓ સ્વીકારવામાં નહી આવેતો આવનારા દિવસોમાં કોળી સમાજ દ્વારા ન્યાય માટે અત્યંત ઉગ્ર અને આંદોલન કરશે તેવી ચીમકી અપાય હતી. કાર્યક્રમમાં સાવરકુંડલા શહેર તેમજ તાલુકાના સમસ્ત કોળી સમાજના આગેવાનો, યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરામાં શ્રી વલ્લભ ગુણગાન વ્યાખ્યાન સાથે ૭૫મા અમૃત મહોત્સવની ભવ્ય ઉજવણી થશે

બગસરા: મોટી હવેલી દ્વારા ૭૫મા અમૃત મહોત્સવ સાથે શ્રી વલ્લભ ગુણગાન વ્યાખ્યાન તેમજ અભિનંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. બગસરા મોટી હવેલી દ્વારા શ્રી લેઉવા પટેલ સમાજ ગોકુળપરા ખાતે ૭૫મા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવશે જેમાં મોટી હવેલીના પ્રભુજી મહારાજના ૭૫મા જન્મદિવસની ઉજવણી તા.૭ ડિસેમ્બરના રોજ કરવામાં આવશે જેમાં બગસરા શહેરના સંતો-મહંતો તથા વૈષ્ણવો મોટી સંખ્યામાં જોડાશે

**બગસરા નગરપાલિકા –બગસરા**

**જીલ્લો-અમરેલી**

**ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટીસ**

આથી બગસરા નગરપાલિકા,બગસરા જી.બગસરા સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સને ૨૦૨૫-૨૬ વર્ષ રખડતા કુતરાના ત્રાસ અટકાવવા અને નિયમ માટે એ.બી.સી.(ડોગ રૂલ્સ-૨૦૨૩ અંતર્ગત કરવાની થતી કામગીરી માટે AWBI દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ/એજન્સીઓ સીલબંધ કવરના ભાવો સાથે બગસરા નગરપાલિકા નામનો રૂ.૫૦૦/ નો ડીમાન્ડ ડ્રાફ્ટ મોકલવાનો રહેશે.

કામનું નામ: બગસરા શહેરી વિસ્તારમાંથી રખડતા કુતરા ને પકડી અને રસીકરણ અને ખસીકરણ કરવા બાબત

ચીફ ઓફીસર બગસરા નગરપાલિકા | પ્રમુખ બગસરા નગરપાલિકા

જિમાક્ર/ન્જર/૫૦૦/૨૬

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)